# શબ્દકોશ

## શબ્દકોશ એટલે શું ?

શબ્દકોશ એટલે શબ્દનો અર્થ : વ્યાકરણની ભૂમિકા સાથે દર્શાવતો સંગ્રહ, શબ્દસૂચિ, અભિધાન.

જેમાં અનેક શબ્દોનો સંગ્રહ થયો હોય તેને "શબ્દકોશ" કહેવામાં આવે છે.

નર્મકોશ : ગુજરાતી ભાષાનો સૌપ્રથમ કોશ ગણાય છે. તેમાં ૨૫,૨૬૮ જેટલા શબ્દો હતા.

સુધારક યુગના પ્રણેતા નર્મદાશંકર લાલશંકર દવેએ ઈ.સ. ૧૮૭૩માં બહાર પાડ્યો હતો.

ભગવદ્ ગો મંડલ : ગોંડલના સ્વર્ગીય મહારાજા ભગતસિંહજીને દીર્ઘદ્રષ્ટિ અને ભાષાપ્રેમને લીધે ૧૯૨૮ થી ૧૯૫૪ સુધીમાં ભગવદ્ ગો મંડલ નામે શબ્દકોશ બહાર પડ્યો.
આ કોશ નવ ભાગમાં વહેંચાયેલો છે. તેની પૃષ્ઠોની સંખ્યા ૯,૨૭૦ છે.

સાર્થ જોડણી કોશ : મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી ઈ.સ. ૧૯૨૯ માં સાર્થ જોડણીકોશની પ્રથમ આવૃત્તિ બહાર પડી.

ઈ.સ. ૧૯૨૦ માં સ્થપાયેલી ગુજરાત વિદ્યાપીઠ દ્વારા આ કોશ બહાર પડાય છે.

ગુજરાતી વિશ્વકોશ : હરિ ઓમ આશ્રમ નડિયાદના આધ્યાત્મિક કર્મઠ પુરુષ શ્રી પૂજ્ય મોટાને ગુજરાતી ભાષામાં સર્વસાધારણ વિશ્વકોશ હોવો જોઈએ. તેમણે આ ભગીરથ કાર્ય માટે દસ લાખ જેવી રકમ ગુજરાત યુનિવર્સીટીને આપી અને આ કાર્યક્રમ માટેના પ્રેરણાસ્રોત બન્યા.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# શબ્દકોશ

## શબ્દોનો કોશક્રમ :-

શબ્દોનો કોશક્રમ એટલે શબ્દકોશમાં કક્કાવારી પ્રમાણે શબ્દનું પહેલું, બીજું, ત્રીજું એ પ્રકારે સ્થાન, શબ્દમાં આવતા પ્રથમ અને ત્યાર પછીના અક્ષરના ક્રમ એટલે કે વર્ણક્રમ પ્રમાણે એ સ્થાન નક્કી કરાય છે.

મોટા ભાગના શિક્ષિત લોકોને અંગ્રેજી શબ્દકોશની સરખામણીએ ગુજરાતી શબ્દકોશ જોવો અઘરો પડે છે. અંગ્રેજી ભાષામાં, ગુજરાતી ભાષામાં છે તેવા કોઈ લિપિસંકેતો નથી. તેથી એની વર્ણમાળામાં આવતા અક્ષરના ક્રમ પ્રમાણે શબ્દો ગોઠવાય છે, જ્યારે ગુજરાતીમાં કાનો, માત્રા, ઈ-ઉ-નાં હ્રસ્વ -દીર્ઘ સંકેતચિહ્નો, વિસર્ગ, અનુસ્વાર, જોડાક્ષર વગેરે આવે છે. શબ્દકોશમાં આ બધાંનો ક્રમ, પ્રાથમિક કક્ષાએ શીખવાતા વર્ણમાળાના ક્રમ કરતાં થોડો જુદો હોય છે. તેથી જ શબ્દકોશ જોવામાં મુશ્કેલી પડે છે.

પરીક્ષામાં શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવવા માટેના કેટલાય પ્રશ્નો પુછાય છે. આ માટે આપણે તેના પહેલા શબ્દકોશના નિયમો, સ્વરક્રમ અને વ્યંજનક્રમને બરોબર સમજવા માટે પ્રયત્ન કરવો પડશે. જેના આધારે શબ્દકોશ સમજવો એકદમ સરળ બની જશે.

સ્વર :- અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ, અં, અ:

વ્યંજન :- ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કો, કૌ, કં, કઃ... વગેરે

## વ્યંજન ક્રમ :-

ક, ક્ષ, ખ, ગ, ઘ, ઙ, ચ, છ,
જ, જ્ઞ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ,
ણ, ત, ત્ર, થ, દ, ધ, ન, પ,
ફ, બ, ભ, મ, ય, ર, લ, વ,
શ, શ્ર, ષ, સ, હ, ળ



આળસ માનવીનો મહાન શત્રુ છે.

ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# શબ્દકોશ

જ્યારે એક જ અક્ષર પરથી શરૂ થતા શબ્દો હોય ત્યારે તેને સ્વરક્રમના આધારે ગોઠવવામાં આવે છે. જેના વિશેની સમજ નીચે આપવામાં આવેલ છે.

→ ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કૃં, કે, કેં, કૈ, કૈં, કો, કોં, કૌ, કૌં, કય, ક્ર, કલ, કવ, ક્ષ

## નિયમો :

( ૧ ) શબ્દકોશમાં સૌપ્રથમ સ્વરથી શરૂ થતા શબ્દો આવે અને ત્યારબાદ વ્યંજનથી શરૂ થતા શબ્દો આવે છે.

( ૨ ) શબ્દનો પ્રથમ અક્ષર સમાન હોય ત્યારે બીજા અક્ષરને આધારે અને બીજો અક્ષર સમાન હોય ત્યારે ત્રીજા અક્ષરને આધારે, એ જ રીતે આગળ પ્રમાણે શબ્દક્રમ નક્કી થાય છે.

( ૩ ) અડધા અક્ષરથી શરૂ થતો શબ્દ છેલ્લે મુકવો.

( ૪ ) દરેક અક્ષરના આડી હરોળમાં બે ક્રમ હોય છે. વિસર્ગવાળો અક્ષર ત્રીજા ક્રમે આવે છે.

દા.ત. : અ- અં – અઃ,

દુ- દું - દુઃ,

નિ -નિં- નિઃ

( ૫ ) અર્ધા અક્ષરથી શરૂ થતો શબ્દ પોતાની હરોળમાં છેલ્લે આવે છે. આ નિયમને લઈને વિદ્યાર્થીઓ વધારે ભૂલો કરતા હોય છે, તેથી બરાબર સમજવાનો પ્રયત્ન કરશો કે અર્ધા ‘ ક્ ' થી શરૂ થતો શબ્દ ક ની હરોળમાં એટલે કે ક થી લઈને કૌં સુધીના શબ્દો લખાય જાય પછી આવે.

( ૬ ) ક્ષ, જ્ઞ, ત્ર, શ્ર - આ ચાર જોડાક્ષર પરથી શરૂ થતા શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવવા જોઈએ.

( ૭ ) શબ્દકોશ પ્રમાણે શબ્દોને ગોઠવવા માટે સ્વરક્રમ અને વ્યંજનક્રમ કંઠસ્થ કરવો જોઈએ. આપણે પહેલા શીખી ગયા તેના કરતાં શબ્દકોશ માટેનો વ્યંજનક્રમ થોડો અલગ હોય છે, કારણ કે તેમાં જેનાથી શબ્દ શરૂ થાય તેવા જોડાક્ષરોનો પણ સમાવેશ થાય છે.





ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892

# શબ્દકોશ

## ચાલો જ્ઞાન તપાસીએ..

## નીચે આપેલા શબ્દોને શબ્દકોશના આધારે ક્રમમાં ગોઠવો.

( ૧ ) અંજનિકા, અંસા, અંત્યાશ્રમ, અંબોટી, અંકનીય

( ૨ ) ઓશિયાળું, ઓજાર, ઓરત, ઓચિંતુ, ઓતરાતું.

( ૩ ) ઑફિસર, ઑપરેશન, ઑગસ્ટ, ઑક્ટોબર,
ઑસ્ટ્રેલિયા.

( ૪ ) આંતરપ્રજ્ઞા, આંશુક, આંકડિયું, આંત્રિક, આંબળું

( ૫ ) ઈષ્ટાંશ, ઈજમાલી, ઈરિગેશન, ઈખલાસ,
ઇત્તિફાક, ઈખલાસ

( ૬ ) ઈદડું, ઈથર, ઈબી, ઈંટ, ઈમાન

( ૭ ) ઉકેલ, ઉકરડો, ઉચ્ચતર, ઉજેરવું, ઉજાગર

( ૮ ) શ્રીમંત, શ્રીજી, શ્રીખંડ, શ્રીકાંત, શ્રીફળ.

( ૯ ) ષડ્જ, ષરિપુ, ષટ્પદ, ષટ્કોણ, ષટ્કર્મ.

( ૧૦ ) સુવાચ્ય, સુંદર, સમય, સૂરજ, સંયમ.
(Tet - 2012)

( ૧૧ ) મહર્ષિ, મર્દ, મીંડુ, મજ્જા, મુઠ્ઠી.

( ૧૨ ) ઍસોસિયેશન, ઍરોપ્લેન, ઍરોડ્રામ.
ઍમ્બ્યુલન્સ, ઍડ્વોકેટ.

( ૧૩ ) ઊર્મિજન્ય, ઊંઘાઘળ, ઊંબર, ઊથડવું,
ઊંચમનું

( ૧૪ ) ઋક, ઋણી, ઋત્વિજ, ઋણ

( ૧૫ ) એકધર્મી, એરસા, એસ્કિમો, એકતંતુ,
એતત્કાલ

( ૧૬ ) ઓતપ્રોત, ઓચ્છવ, ઓથાર, ઓસડ,
ઓઘ

( ૧૭ ) ઔષધ, ઔણ્ય, ઔચિત્ય, ઔપપત્તિક,
ઔપચારિક

( ૧૮ ) કુંઠિત, કૈવલ્ય, કૃતાર્થ, કૌભાંડ, કઠિન.

(૧૯) દિવસ, ધીરજ, દિવાળી, ભાગ, ઘોડો.

( ૨૦ ) ક્ષત્રાણી, ક્ષમતા, ક્ષતિ, ક્ષણિક, ક્ષત્રિય

( ૨૧ ) શરત, શિલાલેખ, શક, શિખામણ, શહીદ.

( ૨૨ ) રતિ, ક્ષતિ, કંચન, અમી.



નાસીપાસ ક્યારેય ન થવું, પ્રયત્ન કરતા રહો સફળતા એક દિવસ ચોક્કસ મળશે.

ચૌહાણ દિનેશભાઈ ડી.
શ્રી રૂણી પ્રાથમિક શાળા
તા.ધાનેરા, જિ.બનાસકાંઠા
9712824892